ક્રમાંક : NCSC/૨૦૧૮-૧૯/
કમિશનર,શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧,ડો.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર.
તારીખ: ૨૧/૦૬/૨૦૧૮

વંચાણે લીધા :-
૧. સલાહકાર, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ અને ટેકનોલોજી તા. ૨૧/૦૬/૨૦૧૮ નો પત્ર.
૨. આ કચેરીના પરીપત્ર ક્રમાંક :

પરિપત્ર:-

સમગ્ર દેશમાં બાલવિજ્ઞાન પરિષદનું આયોજન કેન્દ્ર સરકારનાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ એન.સી.એસ.ટી.સી નેટવર્ક દ્વારા યોજવામાં આવે છે. જેમાં રાષ્ટ્રીય બાળવિજ્ઞાન કોંગ્રેસ નામના પ્રોજેક્ટ ૧૯૯૩ થી અમલમાં છે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ ૧૦ થી ૧૭ વર્ષના બાળકોમાં વિજ્ઞાન અને વૈજ્ઞાનિક અભિગમનો પ્રસાર કરવાનો છે.

આ કાર્યક્રમ માટે ગુજરાત કાઉન્સિલ એન્ડ સાયન્સ અને ટેકનોલોજી, ગાંધીનગરએ ગુજરાત રાજયનું કોર્ડિનેટર છે વર્ષ ૨૦૧૮નો વિષય: સ્વચ્છ, હરિયાળા અને તંદુરસ્ત રાષ્ટ્ર માટે વિજ્ઞાન, તકનિકી અને નાવિન્યકરણ છે. અને તેના ૫ પેટા વિષયો છે. ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ, વાલીઓ, શિક્ષકો અને સંગઠનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.આ પ્રવૃતિમાં શાળાના શિક્ષકો અને વિધાર્થીઓ ભાગ લઈ શકે તે હેતુસર આ અંગેના પરિપત્રથી રાજ્યના તમામ જિ.શિ.અ.શ્રીઓને જાણ કરવામાં આવે છે. તદઅનુસાર ચાલુ સાલે આ પ્રવૃતિમાં રાજ્યની તમામ શાળાઓને આ કાર્યક્રમમાં ભાગ લેવા વિનંતી છે. આ કાર્યક્રમ અંગે વિશેષ માહિતી મેળવવા માટે જીલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા ગુજકોસ્ટ કચેરીનો સંપર્ક કરવા વિંનતી છે.

૧. આ પ્રવૃતિમાં પસંદ કરેલ શાળાઓમાં શિક્ષક અને વિધાર્થીનું નિયમ મુજબનું પ્રવાસ ભથ્થું, ટી.એ, ડી.એ. (ફક્ત ગુજરાત રાજ્ય પ્રવાસ પૂરતા) સંસ્થા પોતાની નિયત ગ્રાન્ટમાંથી કરી શકે છે.
૨. પસંદ કરાયેલ શિક્ષકોને આ પ્રવૃતિમાં જરૂરી પ્રવાસ કરવો પડે તે સમયને લીવ ઓન ડ્યુટી ગણવામાં આવશે.
3. રાજ્ય કક્ષામાંથી પસંદ થયેલ વિધાર્થીઓના દરેક ટીમનો એક લીડર રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં જશે અને તેનો ખર્ચ યજમાન રાજ્ય ભોગવશે.
૪. આ રાષ્ટ્રીય પ્રવૃતિમાં ગુજરાતના વિધાર્થીઓ, શિક્ષકો અને શાળાઓ હંમેશ મુજબ સારો દેખાવ કરી ગુજરાતનું ગૌરવ વધારશે તેવી અપેક્ષા રાખવામાં આવે છે.તે માટે શાળાના ઉત્સાહી , શિક્ષકોને વધુ પ્રોત્સાહન મળે અને તેનો લાભ શાળાના બાળકોને મળે તે અંગેનુ વાતાવરણ શાળામાં ઉભુ થાય એવા પ્રયત્નો કરવાના રહેશે.

"નોંધ પર કમિશનરશ્રીના આદેશાનુસાર"

---

ક્રમાંક /આ.વિ.૩/પરિપત્ર/૨૬૨૫૨
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
જોરાવર પેલેસ,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર.
તારીખ : ૨૯ - ૬ - ૨૦૧૮

૦૨/- નકલ રવાના જાણ તથા અમલ સારૂ.

જીલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર.

પ્રતિ,
આચાર્ય શ્રી.
સરકારી/બિન સરકારી/નોન ગ્રાન્ટેડ
શાળાઓ તમામ.
બનાસકાંઠા.